# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩/ક્વા-03/૨૦૨૧-૨૨/ ૧૩૭-૨ તારીખ : ૦૫ - ૦૧ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
માધવ ટેકનોકાસ્ટ
પ્લોટ નં. ૭૧-૭૨, જય સરદાર ઇન્ડ. ઝોન, કોઠારિયા સોલવન્ટ પાછળ, NH 8-B,
મું. પો. : કોઠારિયા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૨
મોબાઈલ : ૯૪૨૬૨૨૨૯૨૫૭

**વિષય :** એચ.ટી. વીજજોડાણના અંદાજપત્રમાં થયેલ અન્યાય બાબત.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૧૧-૧૦-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૩/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/3/ક્વા-3/૨૧-૨૨/ 137-2 તા. 05-01-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- 3/ક્વા-3/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | : માધવ ટેકનોકાસ્ટ ગામ: કોઠારિયા |
| પેટા વિભાગીય કચેરી | : વાવડી |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે શિવલાલ એલ. બારસીયા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-3 |
| રજૂઆત કરનાર | : શ્રી એન.ડી.રૂઘાણી ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-3 અને તેમની સાથે શ્રી આર.એસ.લાલકીયા નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-3 |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૮-૧૨-૨૧ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૮-૧૨-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. ૨૬૪૮૨ થી ૧૪૦ KVA નું એચ.ટી.વીજજોડાણ રાજકોટ શહેર-3 વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. જેમાં અરજદાર દ્વારા ૧૧૦ KVA ના વધુ વીજભારની (કુલ લોડ ૧૪૦+૧૧૦=૨૫૦) જરૂરિયાત હોય લોડ વધારા માટે તા.૨૫.૦૮.૨૦૨૧ ના રોજ SR No. ૧૪૧૩૪૪૧૯ થી અરજી કરેલ છે જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા રૂ.૧૦૬૬૬૪૨/- નું અંદાજપત્ર અપાયેલ છે. પરંતુ સદર

અંદાજપત્રમાં ૧૧KV અંડરગ્રાઉન્ડ કેબલનો વધારાનો ચાર્જ રૂ.૨૯૫૨૨૫/- ગણેલ છે. જે ખરેખર ઓવરહેડ લાઈનથી પણ લોડ વધારો આપી શકાય તેમ હોવા છતાં પણ અંડરગ્રાઉન્ડ કેબલનો ચાર્જ ઉમેરેલ છે જે વધારાનો ચાર્જ ગણતરીમાં લીધેલ હોય તે બાબતે યોગ્ય કરવા, અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે મે. માધવ ટેક્નોકાસ્ટ દ્વારા તેમના હયાત ૧૪૦ કેવીએ કરારીત વિજભારમાં ૧૧૦ કેવીએ લોડ વધારો તેમજ પાવર બાઉન્ડરી વધારા માટેની અરજી કરવામાં આવેલ. તે અનુસંધાને એચ ટી-૩ સબ ડિવિઝનના ફિઝિબિલિટી રિપોર્ટ મુજબ હયાત્ત ૧૧ કેવી સાગર ફિડરનો મહતમ લોડ ૨૦૬ એમ્પ હોય ફિડર બાયફરકેશન પ્રપોઝ કરવામાં આવેલ જેમાં નીચે મુજબ ની કામગીરી નો સમાવેશ થાય છે.

| | |
|---|---|
| TAPPING FROM EXISTING POLE 11 KV LINE | 1 No. |
| 11KV INDOOR FEEDER BREAKER PANEL (VCB) AT S/S END WITH ERECTION | 1 No. |
| DP STRUCTURE WITHOUT 11 KV A.B.SWITCH & H.G.FUSE ON 9MTR RSJ POLE | 2 No. |
| 11KV LINE WITH 55 MM2 AAA CCONDUCTOR ON RSJ POLE-9 MTR | 0.41 Km. |
| GUARDING UNDER HT AND LT LINE | 0.41 Km. |
| 11 KV INDOOR CABLE BOX-185 MM2 XLPE | 1 No. |
| 11 KV UNDERGROUND CABLE 185 MM2 | 0.2 Km. |
| 11 KV OUTDOOR CABLE BOX-185 MM2 XLPE | 3 No. |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત કામગીરી સ્થળ પરની જરૂરિયાત મુજબ સબ સ્ટેશનની નજીક જ નીકળતા ફિડરો તેમજ રોડનું ક્રોસિંગ હોય સેફટી અર્થે અંડરગ્રાઉન્ડ કેબલની કામગીરીની દરખાસ્ત કરેલ જેથી સદર ફિડર સાથે જોડાયેલા ગ્રાહકોને સાતત્ય પૂર્ણ વીજ પુરવઠો પૂરો પડી શકાય.

સદર કેઈસમાં, અંડરગ્રાઉન્ડ કેબલને લગતી કામગીરીનો ચાર્જ પત્ર નં GUVNL/TECH-2/DE-1/HT per KVA/1548 DTD:06.08.2020 મુજબ વસૂલવામાં આવેલ છે અને બાકીની કામગીરી ફિક્સચાર્જમાં સમાવિષ્ટ થતી હોય તેનો ચાર્જ અંદાજપત્રમાં વસૂલ કરવામાં આવેલ નથી ઉપરોક્ત પત્રની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. વધુમાં જણાવવાનું કે અરજદાર દ્વારા તા.૦૬.૧૦.૨૦૨૧ ના રોજ ઉપરોક્ત ભાવપત્રક ભરપાઈ કરી આપવામાં આવેલ છે અને સદર કામગીરી કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

3.૧ ફોરમની સુનાવણી દરમ્યાન પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ રજૂઆત મુજબ મે. માધવ ટેક્નોકાસ્ટ દ્વારા તેમના હયાત ૧૪૦ કેવીએ કરારીત વિજભાર માં ૧૧૦ કેવીએ લોડ વધારો તેમજ પાવર બાઉન્ડ્રી વધારવા માટેની અરજીમાં દરખાસ્ત કરેલ કામગીરી તા.૨૨.૧૨.૨૦૨૧ ના રોજ પૂર્ણ કરી ટેસ્ટ રિપોર્ટ સબમિટ કરવા અંગે નો રીલીઝ ઓર્ડર પત્ર નં.-૭૫૦૩ તારીખ ૨૨.૧૨.૨૦૨૧ થી આપેલ છે.

સદર દરખાસ્ત જે ફીડરમાં કરેલ તેમાં તા.૧૬.૧૧.૨૦૨૧ ના રોજ મે.સ્ટર્લિંગ કાસ્ટ આઇરન દ્વારા તેના કરારીત વિજભાર ૪૫૦ કેવીએ માં ૪૯ કેવીએના વીજભાર વધારાની અરજી આવેલ. આથી સદર બંને અરજીનું ગ્રૂપ બનાવી દરખાસ્ત બનાવેલ અને તે મુજબ તા.૦૪.૧૨.૨૦૨૧ ના રોજ મે.સ્ટર્લિંગ કાસ્ટ આઇરનને એસ્ટિમેટ ઇસ્યુ કરેલ જે તા.૧૭.૧૨.૨૦૨૧ ના રોજ ભરપાઈ થયેલ છે. આમ લાગુ પડતાં કેવીએ મુજબ ની રકમ મે.માધવ ટેક્નોકાસ્ટને એચ.ટી. ડિપોઝિટ ફાઇનલ બિલમાં જમા આપવા પાત્ર થઈ શકશે. આ સાથે મે.સ્ટર્લિંગ કાસ્ટ આઇરનના અંદાજપત્રની નકલ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદાર મે.માધવ ટેક્નોકાસ્ટ સર્વે નંબર ૨૫૯/૧ પ્લોટ નં ૭૧ ૭૨, જય સરદાર ઇન્ડસ્ટ્રીયલ ઝોન કોઠારિયા ખાતે ગ્રાહક નં.૨૬૪૮૨ થી ૧૪૦ KVA નું એચ.ટી. વીજજોડાણ ૧૧ કેવી સાગર ફીડરમાં ધરાવે છે.

સદર વીજજોડાણમાં હૈયાત કરારિત વીજભારમાં ૧૧૦ KVA ના વીજભાર વધારાની અરજી તા.૨૫.૦૮.૨૦૨૧ ના રોજ SR No. ૧૪૧૩૪૪૧૯ થી નોંધણી થયેલ છે. સદર અરજીના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા જરૂરી મંજુરી મેળવીને અરજદારને ભાવપત્રક તા.૧૬-૦૯-૨૦૨૧ ના રોજ અપાયેલ છે જેમાં નીચે મુજબના ચાર્જ નોંધાયેલ છે. વધુમાં અરજદાર દ્વારા તા.૦૬-૧૦-૨૦૨૧ ના રોજ સદર ભાવપત્રકની રકમ ભરપાઈ કરી આપેલ છે.

| Description | QTY | Estimated Value (Rs.) |
|---|---|---|
| GETCO Prorata Charges | 1 | 147400.00 |
| Security Deposit for Industrial High Voltage | 1 | 459017.00 |
| Fixed Charges | 1 | 165000.00 |
| 11 KV OUTDOOR CABLE BOX-185 MM2 XLPE | 3 No. | 7875.00 |
| 11 KV INDOOR CABLE BOX-185 MM2 XLPE | 1 No. | 1875.00 |
| 11 KV UNDERGROUND CABLE 185 MM2 | 0.2 Km. | 285475.00 |
| Total Estimated Cost in Rs. | | 1066642.00 |

૪.૨ ઉપરોક્ત અંદાજીત ભાવપત્રકમાં અન્ડરગ્રાઉન્ડ કેબલનો ચાર્જ આકારણી કરેલ હોય જે અરજદારને અન્યાયી જણાતા ફોરમમાં રજૂઆત કરેલ છે.

૪.3 સદર કેઈસમાં, પી.જી.વી.સી.એલ.માં પ્રર્વતમાનમાં રહેલ ગાઈડલાઈન : જીયુવીએનએલના પરિપત્ર નંબર : **GUVNL/Tech-2/DE-1/HT per KVA Cost/1548 Dtd:06-08-2020** માં જણાવ્યા મુજબ પીટીશન નં – ૧૮૨૯/૨૦૧૯ અન્વયે નામદાર જીઈઆરસી દ્વારા અપાયેલ હુકમ તા.૦૭-૦૭-૨૦૨૦ મુજબ ૧૧ કે.વી. / ૨૨ કે.વી. એચ.ટી. નવું વીજજોડાણ/વીજભાર વધારાના ભાવપત્રકમાં ૫.૫ કિમી લાઈનની લંબાઈ સુધી પ્રતિ કેવીએ મુજબ ચાર્જ વસુલ કરવો. "......to recover expenditure for providing HT connections / load extension:

(A) Approve the methodology for determination of Per kVA based estimate charges to charge per KVA rate for releasing new HT connections/load extension at 11/22kV network up to 5.5 KM as mentioned below:

(i) The rate for the new HT connections/ load extension up to or less than 500 kVA shall be Rs.1,500/ kVA.

(ii)The rate for the new HT connections / load extension above 500 kVA shall be Rs.1,800/kVA.

(B) Continue recovery of actual expenditure over and above the Per kVA rate in case of:

(i)Overhead HT network of 11 / 22 kV above 5.5 KM for additional network greater than5.5KM

(ii)Railway crossing;

(iii)Highway crossing

This shall be applicable for all the HT applicants (for new connection / load extension) for which the estimates have not been issued as on the date of issue of this Order.

વધુમાં સદર પરિપત્રમાં નોંધાયેલ મુદ્દા નં (૯) મુજબ "In case of requirement for erection of hybrid type network (i.e. OH and UG) for proposed HT Line the length of only overhead line shall be considered for deciding the criteria of permissible line length of 5.5 km for applicability of per KVA based charges. In such case, actual cost of the underground part of HT line along with underground cable components shall be recover from applicant over and above the per KVA based estimate charges."

૪.૪ પી.જી.વી.સી.એલ.ના મુદ્દા નં ૩.૧ મુજબની વિગતે અરજદારની અરજી મુજબ અપાયેલ ભાવપત્રક મુજબ કામગીરી તા.૨૨-૧૨-૨૦૨૧ ના રોજ પૂર્ણ કરેલ છે સદર કામગીરી દરમ્યાન તે જ ફીડરમાં મેં.સ્ટર્લિંગ કાસ્ટ આઇરન દ્વારા તેના કરારીત વિજભાર ૪૫૦ કેવીએમાં ૪૯ કેવીએના વીજભાર વધારાની અરજી આવેલ જે અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ ભાવપત્રક તા.૦૪-૧૨-૨૦૨૧ માં કરાયેલ નોંધ મુજબ Estimate of M/s Madhav Technocast is paid and work under progress. So Proportionate cost of common work paid by M/S Sterling cast iron should be adjusted (credited) at the time of final bill accordingly to the M/S Madhav technocast."

આમ, સદર બંને અરજીનું ગ્રૂપ બનાવી દરખાસ્ત બનાવેલ અને તે મુજબ તા.૦૪.૧૨.૨૦૨૧ ના રોજ મે.સ્ટર્લિંગ કાસ્ટ આઇરનને એસ્ટિમેટ ઇસ્યુ કરેલ જે તા.૧૭.૧૨.૨૦૨૧ ના રોજ ભરપાઈ થયેલ છે. આમ લાગુ પડતાં કેવીએ મુજબની રકમ મે.માધવ ટેક્નોકાસ્ટને એચ.ટી. ડિપોઝિટ ફાઇનલ બિલમાં જમા આપવા પાત્ર થઈ શકશે.

૪.૫ અરજદારની ફરિયાદ અન્વયે ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબની વિગતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ અંદાજીત ભાવપત્રક નિયમાધીન યોગ્ય છે તેમજ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબની વિગતે પી.જી.વી.સી.એલ. દ્વારા એચ.ટી. ડીપોઝીટ ફાઈનલ બીલમાં લાગુ પડતા કેવીએ મુજબ અન્ડરગ્રાઉન્ડ કેબલના ચાર્જની રકમ જમા મળવા પાત્ર છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ અને ૪.૫ મુજબની વિગતે બન્ને પક્ષકારોને જાણકારી આપવામાં આવે છે. તેમજ કરાયેલ કાર્યવાહીનો રીપોર્ટ અત્રેના ફોરમને દિવસ- ૩૦માં મોકલવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot